



“હે ચેતના પુત્ર ! મારો પ્રથમ ઉપદેશ આ છે : એક શુધ્ધ, દયાળુ અને પ્રફુલ્લિત હદય ધારણ કર.”




"તમે ન્યાયના માર્ગે ચાલો, કારણકે, ખરેખર, આ સીધો માર્ગ છે."



**"હે મિત્ર ! તારી હૃદય વાટિકામાં પ્રેમના ગુલાબ સિવાય બીજું કંઈ ન રોપ..."**



“સત્યવાદીતા બધાજ માનવીય સદગુણોનો પાયો છે.”



"આપવું અને ઉદાર બનવું એ તો મારા ગુણો છે, જે મારા સદગુણોથી સ્વયંને શણગારે છે તેનું શુભ થાય છે."



“આશીવાર્દિત છે તે જે સ્વયં કરતા તેના ભાઈને પ્રાધાન્ય આપે છે,”



“હે માનવ પુત્ર ! તારા હૃદયની પ્રસન્નતામાં આનંદિત થા જેથી તું મારા મિલન અને મારા સૌંદર્યને પ્રતિબિંબિંત કરવા યોગ્ય બની શકે.”



“આપણે હંમેશા આપણી સત્યવાદીતા અને નિખાલસતા પ્રગટ કરવી જોઈએ.”



"હે માનવ પુત્ર! મારી સમક્ષ તારી જાતને વિનમ્ર બનાવ, જેથી હું અનુગ્રહપૂર્વક તને દર્શન આપી શકું."



"તમે ખુશ અને પ્રસન્ન રહો અને પરમેશ્વરને ધન્યવાદ આપવા માટે એવી રીતે આગળ વધો કે, તે કૃતજ્ઞતા આશીર્વાદ વધારવા માટે સહાયક બની શકે."



"...ક્ષમાશીલતા અને દયા તથા જે પરમેશ્વરના પ્રિયજનના હ્રદયને પ્રસન્ન કરતુ હોય, તેને તમારૂં આભુષણ બનાવો."



"હે લોકો, તમારી વાણીને સત્યવાદીતાથી સુશોભિત કરો અને તમારા આત્માને પ્રમાણિકતાના આભૂષણથી વિભૂષિત કરો."



“પરમેશ્વરનું સામ્રાજ્ય સમતા અને ન્યાયની સાથે દરેક જીવિત આત્મા પ્રત્યે કૃપા, કરૂણાં અને દયાભાવ ઉપર સ્થાપિત છે.”




"સમજી લો કે પરમેશ્વરનો પ્રેમ અને તેના સિવાયની બધી ચીજોથી તારી અનાસક્તિમાં જ તારૂં સાચુ આભુષણ સમાયેલું છે..."




**“પરમેશ્વરે જે કંઈ પ્રદાન કર્યું છે તેનો સ્વીકાર અને તેણે આદેશિત કર્યું છે તેમાં સંતોષ એ સમસ્ત ગૌરવનો સ્ત્રોત છે”**



"આશીર્વાદિત છે તે જે સંપૂર્ણ દયાભાવ અને પ્રેમ પૂર્વક બધા લોકો સાથે ભળી જાય છે."



“પ્રભુના વચનોનો પ્રસાર અને તેના પ્રેમમાં દૃઢતા એ હિંમત અને શક્તિનો સ્ત્રોત છે.”




"ઈશ્વરમાં કદી વિશ્વાસ ગુમાવો નહિ. હંમેશા આશાવાદી રહો, કારણકે માનવી ઉપર પરમેશ્વરના આશીર્વાદનો પ્રવાહ કદી બંધ થતો નથી."



**“વિશ્વાસપાત્રતા લોકોની પ્રશાંતિ અને સુરક્ષા તરફ લઈ જતું સૌથી મોટું દ્વાર છે.”**




"વસ્તતુ : તારા હૃદયમાં પ્રભુ-પ્રેમની અગ્નિ પ્રગટાવવા માટે હું પ્રભુને યાચના કરૂં છું, જેથી તમે બીજાના હૃદયને પ્રગટાવી શકો."




"હે અસ્તિત્વના પુત્ર ! તું મારો દીપક છે અને તારામાં મારો પ્રકાશ છે. તું તેમાંથી તારૂં તેજ પ્રાપ્ત કર
અને મારા સિવાય કોઈ અન્યની ઝંખના ન કર."



**“ખુશ છે એ નિષ્ઠાવાન જે શ્રેષ્ઠ પ્રયત્નના પરિધાનથી શુશોભિત છે અને મારા ધર્મની સેવા કરવા ઊભો થઈ ગયો છે.”**



"ખરેખર, પરમેશ્વર તેમનો પુરસ્કાર વધારી દેશે, જેઓ ધીરજ પૂર્વક સહન કરશે."



"જો તું તારા પ્રભુના ધર્મમાં અડગ રહે છે તો તારૂં સ્થાન સર્વાધિક ઉચ્ચ હશે."